# અરવલ્લી જિલ્લો કાતીલ ઠંડીની ઝપટમાં

ધનસુરા, તા. ૧૧

અરવલ્લી જિલ્લમાં હાડ થીજાવતી ઠંડીનો રાઉન્ડ ફરી આવ્યો છે. એકાદ બે દિવસ ઠંડીમાં રાહત મળ્યા બાદ ગઈકાલ બપોરથી પવનના સુસવાટા સાથે ગાત્રો થીજાવી દેતી ઠંડીએ જનજીવન અસ્તવ્યસ્ત કરી દીધુ છે. ગરમ કપડામાં સજજ થવાની ફરજ પડી છે. રસ્તાઓ સૂમસામ બની ગયા છે. બરફીલા પવનના કારણે તાવ, શરદી, ઉધરસનો વાવર શરૂ થયો છે. રાત પડતાં કરફયુ જેવું વાતાવરણ જોવા મળે છે. પશુ પક્ષીઓમાં પણ ઠંડીની અસર જોવા મળે છે. જમ્મુ કાશ્મીર અને ઉત્તર ભારતમાં નવેસરથી બરફ વર્ષા થઈ છે. તેના કારણે સમગ્ર ઉત્તર ગુજરાત લઘુત્તમ તાપમાન ગગડ્યું છે. આજે શનિવારે વહેલી સવારે શાળાએ જતા બાળકો ઠંડીમાં હુઠવાયા હતા. શાળામાં બાળકોની હાજરી નહિવત હતી. કાતીલ ઠંડીમાં લોકો મકાનોમાં રહેવાનું પસંદ કરતા હતા. બજારો સૂમસામ લાગતા હતા. ગાત્રો થીજવી દેતી ઠંડીની અસર નાના બાળકોમાં દેખાતી હતી. આરોગ્યને માઠી અસર જણાતી હતી. સરકારી ને ખાનગી દવાખાના તાવ, શરદી, ઉદરસના દર્દીઓથી ઉભરાવા લાગ્યા હતા.

# હિંમતનગરમાં આરટીઓ કચેરીમાં ઈન્સ્પેક્ટરને જાનથી મારી નાખવાની ધમકીઓ આપતા બે વિરુદ્ધ ફરિયાદ

હિંમતનગર, તા. ૧૧

સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગરની આરટીઓ કચેરીમાં બે વ્યક્તિઓએ પોતાનું કામ કરાવવા માટે આરટીઓ ઈન્સ્પેક્ટરને કહ્યું હતું પરંતુ અધુરૂ ફોર્મ હોવાથી સહી ના કરતા બે ઈસમોએ આરટીઓ ઈન્સ્પેક્ટરને ગાળો બોલી ધક્કામુક્કી કરી જાનથી મારી નાખવાની ધમકી આપતા આરટીઓ ઈન્સ્પેક્ટરે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.



# રાજેન્દ્ર જૈન પરિષદ ડીસામાં ઘાતક દોરીથી ઘવાયેલા પક્ષીઓને બચાવશે

ઉત્તરાયણ પર્વના બે દિવસમાં અસંખ્ય પક્ષીઓ ઘાયલ થાય છે.તેમાંથી ઘણા બધા પક્ષીઓ મોત સામે જિંદગી હારી જાય છે ત્યારે ડીસાના અખિલ ભારતીય શ્રી રાજેન્દ્ર જૈન તરુણ પરિષદ દ્વારા પક્ષી બચાવો અભિયાન શરુ કરવામાં આવ્યું છે. અભિયાન તા. ૧૩, ૧૪, અને ૧૫ જાન્યુઆરી દરમિયાન ચાલશે તેમ ડીસાની જનતાને અનુરોધ કરવામાં આવે છે કે જો કયાંય ઘાયલ પક્ષી દેખાય તો ૭૬૦૦૩ ૮૧૩૧૮, ૮૧૪૧૩૦૮૬૨૬, ૭૮૭૪૭ ૦૦૦૪૧ પર સંપર્ક કરવા જણાવ્યું છે.

# અરવલ્લી જિલ્લાના વિકાસ પાછળ ૨૩૧ કરોડ ખર્ચો છે : જશવંતસિંહ ભાભોર

## ભીલોડા તાલુકાના જુદા જુદા ગામે રૂ. ૬૦.૧૧ કરોડના વિકાસકામોનું લોકાર્પણ ખાતમુહૂર્ત થયું

હિંમતનગર, તા. ૧૧

અરવલ્લી જિલ્લાના ભીલોડા તાલુકાના જુદા જુદા ગામોમાં થયેલ લોકાર્પણ અને થનાર કામોના ખાતમુહૂર્ત કરવામાં આવ્યા છે.

ભીલોડા તાલુકામાં રૂ. ૬૦.૧૧ કરોડના ખર્ચે તૈયાર થનાર વિકાસકામોનું વન અને પર્યાવરણ, આદિજાતી વિકાસ મંત્રી જશવંતસિંહ ભાભોરે ખાતમુહૂર્ત-લોકાર્પણ કર્યા હતા.

૨૬મી જાન્યુઆરીએ સાબરકાંઠા-અરવલ્લી જિલ્લા ખાતે રાજ્યકક્ષાની ઉજવણી થનાર છે. જેના ભાગરૂપે જિલ્લામાં વિકાસકામોને વેગ આપવામાં આવી રહ્યો છે. થયેલ વિકાસ કામોનું ૬૬.૧૧ કરોડના કામોનું વન અને પર્યાવરણ મંત્રી જશવંતસિંહ ભાભોરે લોકાર્પણ કર્યું હતુ. ખેરાડી ગામે ૬૬ કે.વી. સબ સ્ટેશનના ખાતમુહૂર્ત પ્રસંગે મંત્રી જશવંતસિંહ ભાભોરે જણાવ્યું હતું કે છેવાડાના માનવીને પુરતા પ્રમાણમાં વીજપુરવઠો મળી રહે તે માટે રાજ્ય સરકાર કટીબદ્ધ છે. સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના વિકાસકામો માટે રાજ્ય સરકારે ૪૫૧ કરોડ રૂપીયા ફાળવ્યા છે. નવીન અરવલ્લી જિલ્લાને અન્ય જિલ્લાની બરાબરીમાં લાવવા માટે રૂ. ૨૩૧ કરોડ ખર્ચો છે.



(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

અરવલ્લી જિલ્લાનો વિકાસ થાય તે માટે રાજ્યકક્ષાના પ્રજાસત્તાક દિનની ઉજવણી સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં થનાર છે. ખેરાડી સબ સ્ટેશનના ખાતમુહૂર્ત પ્રસંગે રાજુભાઈ નિનામા, નિલાબેન મડીયા, ઈન્દ્રજીતસિંહ રાઠોડ, નાયબ વનસંરક્ષક રાવલ, સમાજસુરક્ષા અધિકારી નિનામા, જેટકોના ઈજનેર પટેલ સહિત પદાધિકારીઓ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ડીસામાં 'રન ફોર લાઈફ'ની દોડ : હજારો દોડવીરો જોડાયા

ડીસા, તા.૧૧

રાજયભરમાં જયારે રાજય સરકાર દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલની વિશાળ કદની પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીનું નિર્માણ થઈ રહ્યું છે. અને સરદાર વલ્લભભાઈ પટેલની પુણ્યતિથિ નિમિત્તે દેશભરમાં ૫૬૫ જગ્યાએ રન ફોર યુનિટીનું આયોજન કરાયું હતું. જયારે ડીસા પોલીસે અકસ્માત નિવારણ માટે જનજાગૃતિ અભિયાન સમાન ડીસામાં 'રન ફોર લાઈફ'ની દોડ યોજી હતી અને લોકોને અકસ્માત નિવારણ માટે જાગૃતિ સાથેની સમજ આપી હતી.

'સમય કરતાં જિંદગી વધારે કીમતી છે. અકસ્માત નિવારણ જાગૃતિ અભિયાન' મુજબ 'રન ફોર લાઈફ'ની બનાસકાંઠા પોલીસ ટીમે આજે આ થીમ રજુ કરી છે. ટ્રાફિક જાગૃતિ અને અકસ્માત નિવારણ માટેનાં મહા અભિયાન અંતર્ગત જિલ્લા પોલીસ વડા અશોકકુમાર યાદવની અધ્યક્ષતાએ સુરક્ષા સેતુ સેમિનાર અંતર્ગત એક દોડનું આયોજન કરાયું હતું. આને લીલીઝંડી આપવા જિલ્લા કલેકટર જી.જે. હિંગરાજીયા, જિલ્લા વિકાસ અધિકારી મહેન્દ્ર પટેલ, પાલિકા પ્રમુખ ડૉ. તેજલબેન પટેલ અને સ્પોટ કલબ ડીસાનાં કિશોર આશ્રાની હાજર રહ્યા હતા. આ જનજાગૃતિ અભિયાન સમાન દોડમાં ડીસાનાં લબ્ધ પ્રતિષ્ઠિત નાગરિકો, વેપારી, વકીલો, શાળા શિક્ષકગણ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયા હતા. આ પ્રસંગે વિવિધ વિકતાઓએ ટ્રાફિક નિયમન, નિયમો, કાયદા અને સુરક્ષા માટેનાં વાહન ચાલકો ને રાહદારી તેમજ વિદ્યાર્થીને માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું.



આ દોડ પ્રસંગે જિલ્લા કલેકટર જી.જે. હિંગરાજીયાએ જણાવેલ કે અકસ્માત નિવારણ માટે સજાગ અને સાવધાન રહેવાથી અકસ્માતો ટાળી શકાય છે. જયારે જિલ્લા પોલીસ વડા અશોકકુમાર યાદવે જણાવેલ કે સમય કરતા જીવન કીમતી છે. જેથી તમામ નાગરિકોએ સાવધાન રહી અમુલ્ય જિંદગી બચાવવા નિયમો અને કાયદાનું પાલન કરવું જરુરી છે.

આજે વહેલી સવારથી જ ફુલગુલાબી ઠંડી વચ્ચે યોજાયેલી આ દોડની શરૂઆત ડીસા સ્પોટ કલબથી કરાઈ હતી.જેમાં દોડવીરોએ અંદાજીત ૫ હજારથી વધુની સંખ્યામાં હાજર રહી 'રન ફોર લાઈફ' થીમને ગુંજતું કરી શહેર ભરમાં દોડ લગાવતા લોકોમાં આ દોડે ભારે આકર્ષણ પેદા કર્યું હતું. આ દોડનો મૂળભૂત હેતુ અમુલ્ય માનવ જીવન બચાવવાનો હોવાનું આ દોડનું આયોજન કરનાર દક્ષિણ પોલીસ મથક પી.આઈ. કપિલ નકુમે જણાવ્યું હતું.

# પાલનપુર નગરપાલિકાની નવિન કમિટીઓ મેળવવા માટે નગર સેવકોના ગાંધીનગરના ધક્કા શરૂ

પાલનપુર, તા.૧૧

પાલનપુર નગરપાલિકા ભાજપા શાસિત નગરપાલિકા છે. સ્પષ્ટ બહુમતિના કારણે પાલિકા નિર્ણયો લેવામાં પણ સ્વતંત્ર બની છે. ગત તા. ૭-૧-૨૦૧૪ના રોજ ગત વર્ષની કમિટીઓની મુદત પૂર્ણ થતાં નવિન કમિટીઓ મેળવવા માટે નગરસેવકો અને મલાઈદાર કમિટીઓ મેળવવા તલપાપડ બનેલા કેટલાક નગરસેવકોના જિલ્લાના ભાજપાના અગ્રણીઓ તથા ગાંધીનગર ખાતે મંત્રીઓના નિવાસસ્થાને ધક્કા ખાતા જોવા મળી રહ્યા છે.

નગરપાલિકામાં ટાઉન પ્લાનીંગ, બાંધકામ કારોબારી જેવી કમિટીઓ માટે કેટલાક નગર સેવકો એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. જયારે કેટલાક નગરસેવકો દ્વારા તેમના પ્રતિ સ્પર્ધીને કમિટી ના મળે તે માટે કાવાદાવા રમીને તેના પર કીચડ ઉછાળવાનો પ્રયાસ કરી રહ્યા છે. પાલિકામાં બે ગ્રુપ જોવા મળી રહ્યા છે. હાલમાં નગરમાં ભાજપાના અગાઉ કૌભાંડમાં ખરડાયેલા સવકોની કૌભાંડ માળા લખીને પત્રિકાઓ ફરતી કરવામાં આવી રહી છે. આ કમિટીઓ મેળવવાની લ્હાયમાં પાલિકા શાસકો પણ નવા નિર્ણયો લેતા નથી જેના કારણે કેટલાક કામો અટવાયેલા પડયા છે. નગરપાલિકામાં નગરસેવકો કોને સારી કમિટી મળશે તે સંદર્ભે અનેક તુક્કા લગાવીને સમય પસાર કરી રહ્યા છે. આ વખતે કમિટી આપવામાં મોવડીમંડળ સેવકોની તપાસ કર્યા વગર કમિટીઓ આપશે તો પાલિકાને તથા ભારતીય જનતા પાર્ટીને આગામી ચૂંટણીમાં ભારે સહન કરવાનો વારો આવશે.

# પાલનપુર કુંવરબા શાળા આગળ ઘણા સમયથી ખુલ્લું પડેલું ભૂગર્ભનું નાળું પાલિકાએ વહેલી સવારે બંધ કરાવી નાખ્યું

પાલનપુર, તા.૧૧

બનાસકાંઠામાં આપ પાર્ટીનો પ્રભાવ વધતો જાય છે. સમગ્ર જિલ્લામાં સભ્ય નોંધણીઓ પૂરજોશમાં ચાલી રહી છે. ગત રોજ શહેરના ડેરી રોડ પર આવેલ કુંવરબા શાળાના મુખ્ય દ્વાર આગળ ઘણા સમયથી ભૂગર્ભનું દુર્ઘટના સર્જે તેવા ખુલ્લા નાળાની ફરિયાદ લોકોએ આપ પાર્ટીને આપતા આપે ૭ કલાક અગાઉ સ્વખર્ચે નાળું બનાવવાની જાહેરાત કરતાં પાલિકા તંત્ર સફાળું જાગ્યું અને આપ પાર્ટી આવે તે પહેલાં જ વહેલી સવારે નાળું બંધ કરી નાંખ્યું.

પાલનપુર ડેરી રોડ ઉપર આવેલ કુંવરબા કન્યા વિદ્યાલય આગળ ઘણા સમયથી શાળા આગળથી પસાર થતા ભૂગર્ભના નાળાનું ઢાંકણું ખુલ્લી હાલતમાં પડેલ હતું. આ શાળામાં નાના ભૂલકાઓ અભ્યાસ અર્થે આવે છે અને આ નાળા પરથી જ પસાર થતા હતા. આ ભુલકાઓને લેવા આવનાર ટેક્ષી-રીક્ષાના ચાલકો તથા શાળા સંચાલકોએ અવાર નવાર લેખીત મૌખિક ફરિયાદો આપવા છતાં પાલિકાતંત્ર દ્વારા કોઈ જ કાર્યવાહી ન કરાતા આપ પાર્ટીને ફરિયાદ આપતાં આપના સંજય રાવલ અને હિદાયતખાને કાર્યકરો સાથે રાત્રિ દરમિયાન જાહેરાત કરી હતી કે આ નાળું આપના કાર્યકરો સ્વ ખર્ચે બંધ કરીને સમસ્યાનું નિરાકરણ કરીશું. આ જાહેરાતની જાણ કોઈએ પાલિકાના સેનીટેશન તથા પીડબલ્યુડી વિભાગને કરી. સાત કલાક અગાઉ કરેલ આ જાહેરાતને લઈને પાલિકાના સેનીટેશન તથા પીડબલ્યુડી દ્વારા વહેલી વસારે જ આપના કાર્યકરો આવે તે પહેલા જ નાળું બંધ કરી નખાયું હતું. પાલિકા તંત્ર માટે આ જાહેરાત કરનાર કોણ છે તે તપાસનો વિષય છે.

# હિંમતનગર ખાતે પ્રજાસત્તાક પર્વ નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજાયા

તાલુકાના કાનડા ગામે આર.સી.સી. રોડનો ખાતમુર્હુત કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં ડૉ. વલ્લભભાઈ કથિરીયા અને પૃથ્વીભાઈ પટેલના હાથે મુહુર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગામના વિકાસ અર્થે એક લાખ રૂપિયા આપવાની જાહેરાત કરવામાં આવી હતી.

ખાતમુર્હુત દરમિયાન રન ફોર યુનિટી અંતર્ગત કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગ્રામજનો દ્વારા લોખંડ અને માટીનું દાન કરી સરદાર સાહેબની પ્રતિમા બનાવવા માટે સહયોગ મળ્યો હતો. આ પ્રસંગે ગામના સરપંચ, ડે. સરપંચ, પંચાયતના સદસ્યો, પ્રાથમિક શાળાના આચાર્ય અને તલાટી કમ મંત્રી સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં.

# દાંતીવાડા યુવા મોરચા દ્વારા સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિની ઉજવણી કરાઈ



(તસવીર : પ્રવિણ પટેલ, દાંતીવાડા)

દાંતીવાડા, તા. ૧૧

દાંતીવાડા સરદાર કૃષિ યુનિવર્સિટીમાં આવેલી સ્વામી વિવેકાનંદ પ્રતિમાનું પૂજન કરી ફૂલહાર પહેરાવી જોરદાર નારા સાથે કેમ્પસ ગજવતા સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિની ભવ્ય ઉજવણી કરાઈ હતી. કાર્યક્રમ તાલુકા યુવા મોરચાના મહામંત્રી અશોક ચૌધરીના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો હતો.

સમગ્ર કાર્યક્રમમાં જિલ્લા પ્રશિક્ષણ સેલ કન્વીનર હરનાથભાઈ પટેલ તાલુકા યુવા મોરચા ઉપ પ્રમુખ દિનેશભાઈ બોકા, યુવા મંત્રી મુકેશભાઈ નાઈ, યુવા મંત્રી રમેશભાઈ ચૌધરી, યુવા કોષાધ્યક્ષ ઈશ્વરભાઈ ચૌધરી, તાલુકા મીડિયા સેલના કન્વીનર પ્રવીણ પટેલ, અશોક ચૌધરી, સિદ્ધરાજસિંહ વાઘેલા, ડાહ્યાંભાઈ પટેલ, સુરેશભાઈ પટેલ, વિજય ભુતડીયા, વિનોદ ભુતડિયા, ચેતન જોશી, ભવદીપ રાવળ, વિનોદ મોર આમ સમગ્ર યુવા કાર્યકરો હાજર રહ્યા હતા.

# હિંમતનગર ખાતે સ્પોર્ટસ કાર્નિવલ ૨૦૧૪ યોજાયો

હિંમતનગર, તા.૧૧

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર ખાતે તા. ૧૧મી જાન્યુઆરી શનિવારના રોજ 'સ્પોર્ટસ કાર્નિવલ ૨૦૧૪' મદ્રેસા હાઈસ્કૂલ, હિંમનગરમાં ઉજવણી કરવામાં આવી. તેમાં વિદ્યાર્થીઓ માટે ટુંકી દોડ, ચેસ, વોલીબોલ, કોથળા દોડ, સ્લો સાયકલીંગ તથા વિદ્યાર્થીનીઓ માટે લીંબુ-ચમચી, લોટ ફુંકણી, ટુંકી દોડ સ્પર્ધાનું આયોજન કરેલ.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન જ.મો. ઈકબાલ મુતવલ્લી-પ્રમુખ, પટણી સુન્નીજમાત કૌમે બવાહીર, અ.કાદરભાઈ હરસોલીઆ, હેમરાજભાઈ ભાવનાણી, એમ.એમ.આઈ. ટ્રસ્ટના કારોબારી સભ્યસાહેબો, જમાતના સભ્યસાહેબો, નગરપાલિકાના કોર્પોરેટર તથા સમાજના મોટી સંખ્યામાં વાલીઓ હાજર રહી ખેલાડીઓને પ્રોત્સાહન પુરું પાડેલ અને સમગ્ર સ્પર્ધાનું આયોજન મદ્રેસા હાઈસ્કૂલના પ્રિન્સીપાલ ઝહુર એહમદ મુતવલ્લી, શાલાના વ્યાયામ શિક્ષક શ્રી એસ.આર.મોદી તથા બી.એચ. સુથાર સાહેબે સુંદર રીતે કર્યું હતું. પ્રાર્થનાથી કાર્યક્રમની શરુઆત કરવામાં આવી હતી. છેલ્લે વિજેતા વિદ્યાર્થીઓનું ઈનામો આપી સન્માન કરવામાં આવેલ.

# ભિલોડા તાલુકામાં ૧ કરોડ ૮૨ લાખના ખર્ચે વિકાસ કામના લોકાપર્ણ અને ખાતમુર્હુત કાર્યક્રમ યોજાયો

ભિલોડા,તા.૧૧

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકામાં રૂા.૧ કરોડ ૮૨ લાખના ખર્ચે વિકાસ કામના લોકાપર્ણ અને ખાતમુર્હત કાર્યક્રમ યોજાયો. વેજપુર, મલાસા, કિશનગઢ, વાઘેશ્વરી, ઘાંટી, ખલવાડ, કડવાડુંગરી તેમજ વિવિધ ગામમાં પંદર લોકાર્પણ ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ગાંધીનગર, ચેરમેન તેમજ પુર્વ સાંસદ પુજાજી ઠાકોરના વરદ્ હસ્તે વિકાસ કામોના લોકાર્પણ અને ખાતમુર્હુત કરાયું હતું.

સાબરકાંઠા જીલ્લા ભાજપ સંગઠન ઉપપ્રમુખ લાલસિંહજી ચૌહાણ,ભિલોડા તાલુકા પંચાયત ભાજપ પ્રમુખ અમરતલાલ બરંડા, ભિલોડા તાલુકા પંચાયત કચેરી એસ.ઓ. જી.એન.ચૌહાણએ જણાવ્યું હતુ કે તા.૨૬/૧/૨૦૧૪ના રોજ પ્રજાસત્તાક દિનની રાજ્ય કક્ષાની સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લાના સંયુક્ત ઉપક્રમે યોજાનાર કાર્યક્રમ અંતર્ગત ભિલોડા તાલુકાના વેજપુર ગામમાં રાજીવ ગાંધી સેવા કેન્દ્ર, મલાસા અને લીલછા પ્રાથમીક શાળાનો ઓરડો, પ્રોટક્શન દિવાલ, સી.સી.રોડ, રસ્તા તેમજ સોલર લાઈટ સહિત સરકારની વિવિધ યોજનાઓ જેવી કે મનરેગા, બી.આર.જી.એફ., ગુજરાત પેટર્ન, એ.ટી.વી.ટી. યોજનાઓમાંથી ભિલોડા તાલુકાના દસ ગામમાં પંદર વિકાસના કામો કરાયા છે. આ પ્રસંગે ગુણવંતભાઈ ત્રિવેદી, ગુલાબચંદભાઈ પટેલ, ગલબાભાઈ પ્રજાપતી સહિત અગ્રણીઓ, આગેવાનો અને પ્રજાજનો ઉપસ્થિત રહ્યા હતા.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેકટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ચ મોટો ઈલેકટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન